# અંધ કલાકારની લગની

– ગિરા પિનાકિન ભટ્ટ

ન્યૂઝીલૅન્ડ નામે એક દેશ. એ દેશની એક સામાન્ય વ્યક્તિ. ઉંમર એની ૬૩ વરસ. આંખે અંધ હોઈ સ્વાભાવિક રીતે જ પરિવારના સભ્યોની સહાય લેવી પડતી.

હવે બન્યું એવું કે કોઈ નાની સરખી વાત ઉપર ગૃહકલેશ વધ્યો. ને એ અંધ વ્યક્તિને એના પરિવારના લોકોએ ખૂબ અપમાનિત કર્યા.... બાલમિત્રો ! અપમાન સહન કરવાની પણ એક હદ હોય છે. અને એમ જ પેલી અંધ વ્યક્તિથી હવે અપમાન સહન ન થયું. અને એ આઘાત સાથે એણે પોતાનું ઘર છોડી દીધું.

દરેક વ્યક્તિને જીવનમાં કંઈક કરી બતાવવાનો એક અભરખો હોય છે. ને બસ જાણે એક તક મળી ગઈ. આ અંધ વ્યક્તિએ તકને ઝડપી લીધી. અંધ હોવા છતાંય ન્યૂઝીલૅન્ડના એક સમૃદ્ધ અને ધનવાનોના જ્યાં બંગલાઓ હોય એવા વિસ્તારમાં ઘર બનાવવાનું નક્કી કર્યું. એ લગન પાછળ, એ ધૂન પાછળ એ ધૂની બની ગયો. રાત દિવસ બસ એ વિચારોમાં ખોવાયેલો રહેતો. મનોમન મકાનની ડિઝાઈનો નક્કી કરતો, તેમાં અવનવા સુધારા–વધારા કરતો, અને અથાગ પ્રયત્નોને અંતે એના મકાનની ડિઝાઈનને જાતે જ આખરી ઓપ આપ્યો. પોતાના દિમાગને સતત કાર્યશીલ રાખી, કંઈક નવું જ કરવા, એણે સતત અને સખત મહેનત કરી. અંતે એક ભવ્ય ઇમારત ઊભી કરી.

બાલદોસ્તો ! આજે એ મકાન હયાત છે. ન્યૂઝીલૅન્ડ સરકારના હસ્તક છે. જેની કલ્પના ભલભલા એન્જિનિયરોને પણ ન ફાવે એવી ભવ્યતા એમાં છે. કોઈને કલ્પના માં તો શું...પરંતુ સ્વપ્નમાં પણ ન સૂઝે તેવો ભવ્ય મહેલ એક અંધ વ્યક્તિના મગજની દેન છે. હાલ સાર્વજનિક પ્રદર્શની રૂપે સરકાર એને જાળવે છે, એનું સફાઈ–કામકાજ કરાવે છે, ભલભલા એને જોતાં દંગ રહી જાય છે.

'છે ને આહ ! અને વાહ ! ની વાત !' મિત્રો ! કમાલની કારીગરી, અદ્‌ભુત બાંધકામ, એને જોતાં કંઈ કેટલાય ઉદ્‌ગારો લોકમુખે સરી પડે છે. બે આંખે જોનાર વ્યક્તિ તો કલ્પી ન શકે, એવું એક અંધ વ્યક્તિ એની કલ્પનાના જોરે બનાવે એનું નામ જ ઇચ્છા, લગન, જોસ, જુસ્સો, તાલાવેલી....જે ગણો તે.

બાલમિત્રો, એ મહાન કલાકારનું નામ ફ્રાન્સિસ એ વરડેટ છે. પોતાના સ્વાભિમાન ઉપર ઘા થયો ને જે આઘાત લાગ્યો, જે ચોટ લાગી એમાંથી ઊભરી આવ્યો એક મહાન કલાકાર. દુનિયાના શ્રેષ્ઠ કલાકારો કે જે આંગળીને વેઢે ગણી શકાય તેમાં ન્યૂઝીલૅન્ડના આ કલાકારનું નામ ટોચ ઉપર છે. એક મહાન કલાકાર તરીકે અમરત્વ પ્રાપ્ત કરતો ગયો.



એણે એવું ઘર બનાવ્યું છે....એવું ઘર બનાવ્યું છે કે જેને જોવા રોજના લાખો લોકો ત્યાં દોડી જાય છે. કંઈક કરી છૂટવાની તમન્ના,મથામણ પણ ભારે હોય છે, જીવનમાં કોઈ વસ્તુ સરળતાથી પ્રાપ્ત થાય તો એમાં મજા નથી હોં. પ્રયત્નોને અંતે જ દૂધમાંથી દહીં, દહીંમાંથી છાશ, ને છાશમાંથી માખણ બને છે. ત્યારે જ એ નવનીત રૂપે ઓળખાય છે.

બાળકો.... તમે પણ તમારામાં પડેલી શક્તિઓને, લગનને સમજ જો હોં; ઓળખી એ ધૂનને પાર પાડવા સતત પ્રયત્નશીલ રહેજો. તમારે કંઈ ઘર છોડવાની જરૂર નથી. તમારાં માતા–પિતા હંમેશાં તમારી સાથે છે અને રહેશે, વળી....નવું–નવું વાંચન પણ કરતા રહેજો હોં ને. તમારું વાંચન તમને નવા–નવા વિચારો આપશે. ચાલો... તમારા નામને ચાર ચાંદ લાગે તેવું કામ કરવા તત્પર થઈ જાવ.

■